પત્રિકા
૧૭૨

# ચિરાગે હિદાયત

૧૭/૦૮/૧૮
૦૪ ઝીલ્હજ

## આ અઠવાડિયાની મુનાસેબત

૦૭ ઝીલ્હજ /૨૦ ઓગષ્ટ : શહાદતે હઝરત ઈમામ મોહમ્મદ બાકિર(અ.સ.)
૦૯ ઝીલ્હજ/૨૨ ઓગષ્ટ : શહાદતે હઝરત મુસ્લિમ(અ.સ.) / આમાલે અરફા
૧૦ ઝીલ્હજ/૨૩ ઓગષ્ટ : ઈદુઝ ઝોહા (બકરી ઈદ)

## ઈલ્મે હઝરત ઈમામ મોહમ્મદ બાકિર(અ.સ.)

હઝરત ઈમામ મોહમ્મદ બાકિર(અ.સ.) આપણા પાંચમાં ઈમામ અને સિલસિલએ ઈસ્મતની ૭મી કડી હતા. આપ(અ.સ.)ના ઈલ્મી કમાલાતો, આપ(અ.સ.)ના ઈલ્મી કારનામાઓ અને આપ(અ.સ.)ની ઈલ્મી હેસીયતનું સ્પષ્ટિકરણ નામુમ્કિન છે. અહીં અમે આપ(અ.સ.)ના ઈલ્મની એક ઝલક બયાન કરીએ છીએ.

એક વખત તાઉસે યમાની ઈમામ મોહમ્મદ બાકિર(અ.સ.)ની ખિદમતમાં હાજર થયા અને કહ્યું ''અય ફરઝંદે રસૂલ(સ.અ.વ.)! આ બતાવો કે તે કયો દિવસ હતો કે જ્યારે દુનિયાનો ત્રીજો ભાગ ખત્મ થઈ ગઈ હતી?'' આપ(અ.સ.)એ ફરમાવ્યું ''તમારો સવાલ વાજબી નથી. દુનિયાનો ત્રીજો ભાગ નહિ બલ્કે ચોથો ભાગ ખત્મ થઈ ગયો હતો અને આ તે દિવસે થયું હતું કે જ્યારે કાબિલે હાબિલને શહીદ કર્યા હતા અને દુનિયાનો ચોથો હિસ્સો ખત્મ થઈ ગયો હતો. તે સમયે દુનિયાની કુલ આબાદી ચાર આદમીઓ પર ટકેલી હતી. જનાબે આદમ, જનાબે હવ્વા, જનાબે હાબિલ અને કાબિલ. જ્યારે એક ઓછા થયા તો દુનિયાનો ચોથો હિસ્સો ખત્મ થઈ ગયો.''

આ વાતથી ઈમામ(અ.સ.)એ આ વાત તરફ ઈશારો કરી દીધો કે શહાદતનો મરતબો વ્યક્તિથી નક્કી નથી થતો. બલ્કે મુકામ અને મંઝેલતથી નક્કી થાય છે. હાબિલની શહાદતને એક વ્યક્તિની શહાદત ન સમજો. પણ દુનિયાના ચોથા હિસ્સાનું કત્લ સમજો અને કાતિલની બાબતે એવો જ ફેંસલો કરવામાં આવે છે જેવું કત્લ હોય છે. જનાબે હાબિલ દુનિયાનો ચોથો હિસ્સો હતા. તો તેમનો કાતિલ પણ દુનિયાનો ચોથો હિસ્સો કહેવામાં આવશે. ઈમામ(અ.સ.) દુનિયાનું

દિલ હોય છે. તો તેમનો કાતિલ તો પૂરી દુનિયાનો કાતિલ કહેવામાં આવશે. આ માટે તેમના મુકાબલામાં અગર પૂરી દુનિયાને પણ ખત્મ કરી દેવામાં આવે તો પણ ખૂને ઈમામ(અ.સ.)નો બદલો પૂરો નથી થઈ શકતો. ઈમામ(અ.સ.)એ સ્પષ્ટ કરી દીધુ કે જનાબે મુખ્તારના બદલાને જોઈને એમ ન સમજતા કે ખૂને હુસૈન(અ.સ.)નો ઈન્તેકામ ખત્મ થઈ ગયો. હજું આખરી ઈન્તેકામ બાકી છે અને તે આખરી આવશે જે પોતાના જદ્દનું ઈન્તેકામ લેશે. તેમાં તે લોકોને પણ શામેલ કરવામાં આવશે કે જેઓ કરબલાનો બનાવ સાંભળીને ખુશ થાય છે.

આ રીતે આપ(અ.સ.) પોતાના ઈલ્મી ફૈઝ અને બરકતોથી લોકોને માલામાલ કરતા રહ્યા અને ઈસ્લામનો બરાબર વ્યવસ્થિત રીતે પ્રચાર કરી રહ્યા હતા અને હુકૂમતમાં કોઈપણ જાતની દખલગીરી કરતા ન હતા, તે છતાં હશ્શામ બિન અબ્દુલ મલિકે આપ(અ.સ.)ને ઝેર વડે શહીદ કરાવી દીધા. આપ(અ.સ.) ૭મી ઝીલ્હજ, હી.સ.૧૧૪ના સોમવારે મદીના મુનવ્વરામાં ઈન્તેકાલ ફરમાવી ગયા.

## શહાદતે હઝરત મુસ્લીમ ઈબ્ને અકીલ ઈબ્ને અબીતાલીબ(અ.સ.)

હઝરત ઈમામ હુસૈન(અ.સ.) મદીનાથી હિજરત કરીને મક્કા ગયા અને હજુ મક્કામાં જ હતા કે મોટી સંખ્યામાં કુફાવાસીઓના પત્રો આવવાનું શરૂ થઈ ગયું. તે પત્રો ઈમામ(અ.સ.)ને કુફા આવવાની દાવત આપવામાં આવી. આ પત્રોની સંખ્યા હજારો સુધી પહોંચી ગઈ તો ઈમામ(અ.સ.) મસ્જિદુલ હરામમાં રૂક્ન અને મુકામની દરમિયાન ઊભા રહ્યા અને બે રકાત નમાઝ અદા કરીને અલ્લાહ તઆલા પાસે સલામતી ચાહી. ત્યારપછી હઝરત મુસ્લીમ(અ.સ.)ને બોલાવ્યા અને પત્રોનો જવાબ લખ્યો અને એહલે કુફાથી મુખાતબ થઈને આ લખ્યું કે તમારી મુશ્કિલ આ જ છે તમે કહો છો કે ‘‘અમારો કોઈ ઈમામ નથી. અમારી તરફ આપ(અ.સ.) આવી જાઓ કે કદાચ અલ્લાહ આપ(અ.સ.)થી અમારી હિદાયત કરે.’’ પછી લખ્યું કે ‘‘હું મારા ચચેરા ભાઈ મુસ્લિમ ઈબ્ને અકીલને તમારી તરફ રવાના કરી રહ્યું છે કે જેઓ મારા ભરોસેમંદ છે. જો તેમણે મને લખ્યું કે તમારી રાય અને તમારો મશવેરો આ જ છે જે તમે પત્રમાં લખ્યું છે તો હું બહુજ જલ્દી તમારી પાસે આવી જઈશ.’’

બાતિલ પ્રણાલીની વિરૂધ્ધ ઊભા થવાની જવાબદારી જે શખ્સને ઝિમ્મે નાખી તે શખ્સ હઝરત મુસ્લિમ ઈબ્ને અકીલ(અ.સ.) છે. હઝરત મુસ્લિમ(અ.સ.)એ હકીકી ઈસ્લામના રાજદૂતનો કિરદાર અદા કર્યો. કેમ કે તેઓ ઈમામ હુસૈન(અ.સ.)ના હુકમથી મદીનાથી કુફાની તરફ અમ્ર બિલ માઅરૂફ અને નહિ અનીલ મુન્કરની ફરજને અંજામ દેવા માટે રવાના થયા. જનાબે મુસ્લિમ(અ.સ.)એ ઈસ્લામના તહફ્ફુઝને માટે અને ઈમામ હુસૈન(અ.સ.)ના મકસદને બચાવવા માટે પહેલી શહાદત આપી. તેઓએ પોતાની શહાદત વડે કરબલાના બનાવનો પાયો નાખ્યો.

આપ(અ.સ.)ની શહાદત ૯ ઝીલ્હજ, હી.સ.૬૦ માં થઈ. જે સમયે ઈમામ હુસૈન(અ.સ.)એ જનાબે મુસ્લિમ(અ.સ.) અને જનાબે હાનીની શહાદતના સમાચાર સાંભળ્યા તો આપે ઘણી વખત આ આયત પડી. ''ઈન્ના લિલ્લાહે વ ઈન્ના એલય્હે રાજેઉન.'' અને જનાબે મુસ્લિમ(અ.સ.)ના હકમાં દુઆ કરી.

## અરફા

રોઝે અરફાના બારામાં હઝરત ઈમામ સાદિક(અ.સ.)એ ફરમાવ્યું કે ''જે પણ શખ્સ અરફાના દિવસે અરફાના આમાલ બજાવી લાવતા પહેલા ખુલ્લા આસમાનની નીચે અલ્લાહ તઆલાની બારગાહમાં બે રકાત નમાઝ અદા કરે. પોતાની તમામ ખતાઓ અને ગુનાહોને કબૂલ કરે અને બારગાહે પરવરદિગારથી માફી તલબ કરે. તો પરવરદિગાર જે કાંઇ પણ જેઓ અરફાતમાં છે તેઓને જે સવાબ અતા કર્યો છે પરવરદિગાર તેટલો જ સવાબ આ શખ્સને પણ અતા ફરમાવશે.'' આ દિવસે ઝિયારતે ઈમામ હુસૈન(અ.સ.) પઢવાનો ખૂબજ સવાબ છે.

## ઈદુઝ ઝોહા

દસમી ઝીલ્હજની રાત ખુબજ અઝમત અને બરકત વાળી રાત છે અને આ તે ચાર રાતોમાંથી છે કે જે રાતોમાં શબેદારી મુસ્તહબ છે. આજની રાતે આસમાનના દરવાજા ખુલ્લા હોય છે અને દુઆએ 'યા દાએમન ફઝલે અલલ બરીયા' પઢવી અને 'ઝિયારતે ઈમામ હુસૈન(અ.સ.)' પઢવી મુસ્તહબ છે.

દસમી ઝીલ્હજનો દિવસ ઘણી અઝમત અને બુઝુર્ગીવાળો દિવસ છે. આમાં ઘણા બધા આમાલ છે :

આજના દિવસે ગુસ્લ કરવું સુન્નતે મોઅક્કેદા છે. આજના દિવસે નમાઝે ઈદ પઢવી, ઝિયારતે વારેસા પઢવી અને કુરબાની કરવી તેમજ આજના દિવસે દુઆએ નુદબા પઢવી. તકબીરાત 'અલ્લાહો અકબર, અલ્લાહો અકબર' પઢવી. આ તકબીર નવાફીલ પછી પઢવી મુસ્તહબ છે.

## મ.અલ્લામા હાજીનાજી સાહેબનો ૭૭મો વાર્ષિક વફાત દિવસ

મ. અલ્લામા હાજી નાજી સાહેબનાં ૭૭માં વાર્ષિક વફાત દિવસ નિમિત્તે ચાર મજલીસે અઝાનું આયોજન કરેલ છે, જેમાં દરેક મોઅમીન ભાઈઓને શિરકત કરવા ગુજારીશ છે. *(ઝાકીરઃ જ. મૌલાના સૈયદ ફરીદ હસન સાહેબ)*

**મજલીસ ૧**
તા.૧૮-૮-૨૦૧૮ શનિવાર, નમાઝે મગરેબૈન બાદ
સ્થળ : મસ્જીદ હોલ, આંબાચોક, ભાવનગર.

**મજલીસ ૨**
તા.૧૯-૮-૨૦૧૮ રવિવાર, નમાઝે સુબ્હ બાદ
સ્થળ : કબ્રસ્તાન, ભાવનગર.

**મજલીસ ૩**
શહાદતે ઈમામ મોહમ્મદ બાકિર (અ.સ.)
તા.૧૯-૮-૨૦૧૮ રવિવાર, રાત્રે ૯:30 કલાકે
સ્થળ : જનાબનું મકાન, આંબાચોક, ભાવનગર.

**મજલીસ ૪**
તા.૨૦-૮-૨૦૧૮ સોમવાર, નમાઝે મગરેબૈન બાદ
સ્થળ : મસ્જીદ હોલ, આંબાચોક, ભાવનગર.

*** આયોજક : હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટ ***

પ્રકાશક : હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટ
વેબસાઈટ : www.hajinaji.com ઈમેલ : hajinajitrust@gmail.com